| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૮/૧૨/૨૦૨૪ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૫૦/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૩૧૯ લીટર દેશી દારૂ, ૨૩૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ રિક્ષા અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૯૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૫૧/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## થેલો ઝુટવી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૧૮૫૨/૨૦૨૪

**મેઘાણીનગરઃ** ગજરાજસિંઘ દરિયાસિંઘ ચૌધરી (ઉ.વ.૬૩) (રહે. સત્કાર એવન્યું નરોડા રેલવે ક્રોસિંગ પાસે નરોડા) તા.૦૨/૧૨/૨૦૨૪ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે મેઘાણીનગર રામેશ્વર જય અંબે ચોકની બાજુમાં જય અંબે ડેરી પાર્લર આગળથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન એક સ્પોર્ટ બાઇક ઉપર આવેલ બે પુરૂષ ગજરાજસિંઘ ચૌધરીના એક્ટીવા આગળ મુકેલ થેલો ઝુટવી લઈ નાસી ગયા હતા. જે થેલામાં રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન કિમત રૂપિયા ૩,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજ હતા. આ અંગેની ફરીયાદ ગજરાજસિંઘ ચૌધરીએ તા.૧૭/૧૨/૨૦૨૪ ના રોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ચેતનસિંહ રાજેન્દ્રસિંહ ચલાવે છે.

**<u>છેતરપીંડીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૫૩/૨૦૨૪</u>**

**ઇસનપુરઃ** સંજય રાજેશ સકશેના (ઉ.વ.૬૬) (રહે. પવિત્રનગર કેડિલા લેબ સામે ઘોડાસર ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સંજય સકશેના નાઓને પગમાં ઢીચણના ભાગે દુખાવાની તકલીફ થયેલ હતી અને તેઓ સી.જી.રોડ ખાતે હોટલમાં જમવા ગયા હતા જ્યાં હોટલ બહાર નિકળ્યા ત્યારે પગમાં દુખાવાના કારણે લંગડાતા ચાલતા એક પુરૂષે સંજય સકશેના નજીક આવી જણાવેલ કે મારા સંબંધીને પણ તમારા જેવીજ તકલીફ હતી જેમને મુંબઈના ડૉકટર પાસે સારવાર કરાવતા તેમને સારૂં થઈ ગયું હતું, તમારે સારવાર કરાવવી હોય તો હું મોબાઈલ નંબર આપું તેમ કહી મોબાઈલ નંબર ૯૮૬૭૧૧૩૦૫૪ આપ્યો હતો. અને ડૉ.પાટીલ નામ જણાવેલ હતું. ત્યારબાદ સંજય સકશેનાએ મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરતા તેઓએ ડૉ.એમ.પાટીલ વાત કરતા હોવાની ઓળખ આપી સારવાર માટે એપોઈન્ટમેન્ટ નોધાવવાનું કહેતા સંજય સકશેનાએ સરનામાં સાથે એપોઈમેન્ટ નોધાવતા તા.૧૭/૧૨/૨૦૨૪ સવારના ૯/૩૦ વાગે ડૉ.પાટીલ તથા તેમની સાથે અન્ય એક પુરૂષ સંજય સકશેનાના ઘરે આવેલ તેમજ તેમની સાથે આવેલ પુરૂષની ઓળખ ડૉ.એમ.પાટીલના આસિસ્ટન્ટ રાજુભાઇ પાટીલ આપેલ અને તેમનો મોબાઈલ નંબર ૯૯૮૭૭૩૭૬૪૪ જણાવેલ. ત્યારબાદ સંજય સકશેના ધુંટણની તપાસ કરી જણાવેલ કે ધુંટણમાં પસ થઈ ગયું છે. જે એકવાર કાઢવાના ૬૦૦૦/- રૂપિયા થશે તેમ કહેતા સંજય સકશેનાએ પસ કાઢવા માટે જણાવેલ અને ૧૫૩ વાર ધુંટણમાંથી પસ કાઢેલ અને તે પેટે ૭,૦૦,૦૦૦/- રૂપિયા થયાનું જણાવેલ એટલે સંજય સકશેનાએ એટલા પૈસા તેમની પાસે નહી હોવાનું જણાવતા ડૉ.એમ.પાટીલે જણાવેલ કે મારા આસિસ્ટન્ટ રાજુભાઇ પાટીલને પૈસા આપશો અને તે દવા લખી આપશે મારે બીજી એપોઈન્ટમેન્ટમાં જવાનું છે તેમ કહી ત્યાથી નિકળી ગયા હતા. ત્યારબાદ રાજુભાઇ પાટીલને પૈસા ઓછા કરવાનું કહેતા તેમને જણાવેલ કે પૈસા કેશ આપશો તો ૬,૦૦,૦૦૦/- રૂપિયા થશે, તેમ કહેતા સંજય સકશેનાએ જણાવેલ કે પૈસા બેન્કમાં લેવા જવું પડશે તેમ કહેતા સંજય સકશેના અને રાજુભાઈ પાટીલ બન્ને બેન્કમાં ગયા હતા અને સંજય સકશેનાએ બેંકમાંથી રૂપિયા ૬,૦૦,૦૦૦/- ઉપાડી રાજુભાઈ પાટીલ નાઓને આપ્યા હતા. ત્યારબાદ ઘરે જઈ સંજય સકશેનાએ પોતાની પુત્રી સાથે વાત કરતા સંજય સકશેના નાઓની પુત્રીને ઓનલાઈન તપાસ કરતા ડૉ.એમ.પાટીલનું કોઇ દવાખાનું હોવાનું જાણવા નહી મળતા સંજય સકશેનાને ડૉ.એમ.પાટીલ ડોક્ટર તરીકેની ખોટી ઓળખ આપી ઢીંચણની ખોટી સારવાર કરી સારવારના બહાને રૂપિયા ૬,૦૦,૦૦૦/- મેળવી લઈ સંજય સકશેના સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી ડી.એ.બરંડા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૪/૨૦૨૪**

**નારણપુરાઃ** સુરતાબહેન વાલજીભાઇ બામણીયા (ઉ.વ.૨૬) (રહે. ઓરડી નંબર-૨ મોચીવાસ ચામુંડાનગરનાં છાપરાં નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૨/૨૦૨૪ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'બી' ડિવીઝન ચલાવે છે.

**બાપુનગરઃ** ભરતભાઇ હરીભાઇ પટેલ (ઉ.વ.૫૭) (રહે. નિરંજન સોસાયટી, ચિરાગ ડાયમંડ સામે બાપુનગર) નાઓ બાપુનગર વાડીલાલ પાર્ક સોસાયટી પાસે ઈન્ડીયા કોલોની ખાતે દુકાન ધરાવી ધંધો કરતા હોઈ તા.૧૭/૧૨/૨૦૨૪ કલાક ૮/૧૫ વાગ્યાના સુમારે અગમ્ય કારણસર દુકાનમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.રાજપુરોહીત ચલાવે છે.

**રામોલઃ** કાર્તિક સ/ઓ મણિલાલ પટેલ (ઉ.વ.૨૬) (રહે. મારૂતિનંદન સોસાયટી મેટ્રો પીલ્લર નંબર-૧૧૭ પાસે વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૨/૨૦૨૪ રાતના ૧૧/૧૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે છતના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી લક્ષ્મણભાઇ બાબુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી